**ગ્રામીણ કૃષિ મૌસમ સેવા**
કૃષિ હવામાનશાસ્ત્ર સેલ
નવસારી કૃષિ વિશ્વવિદ્યાલય
નવસારી - ૩૯૬૪૫૦, ગુજરાત
ઇ-મેઈલ:- aasnavsari@gmail.com

નવસારી કૃષિ વિશ્વવિદ્યાલય

ભારત મૌસમ વિજ્ઞાન વિભાગ

**(નવસારી કૃષિ વિશ્વવિદ્યાલય અને ભારત મૌસમ વિજ્ઞાન વિભાગ દ્વારા પ્રસારિત)**

**તા. ૧૧/૦૬/૨૦૨૪**

## કૃષિ હવામાન બુલેટીન નં : ૨૧/૨૦૨૪ – ૨૦૨૫

### -- નવસારી જિલ્લો --

### પાછળનાં સમયનું હવામાન (તા. ૦૭ જૂન થી ૧૧ જૂન - ૨૦૨૪)


| અનું. નં. | હવામાન પરિબળો | Value |
|---|---|---|
| ૧. | વરસાદની શ્રેણી (મી.મી.) | ૦.૦-૧૦.૦ |
| ૨. | મહત્તમ તાપમાનની શ્રેણી (સે.ગ્રે.) | ૩૩.૦-૩૭.૦ |
| ૩. | લઘુત્તમ તાપમાનની શ્રેણી (સે.ગ્રે.) | ૨૪.૦-૨૮.૬ |
| ૪. | ભેજની શ્રેણી (%) | ૫૩-૯૬ |
| ૫. | પવનની ગતિની શ્રેણી (કિ.મી./કલાક) | ૪.૦-૬.૦ |
| ૬. | વાદળની સ્થિતિની શ્રેણી (ઓકટા) | ૦-૮ |
| ૭. | સુર્યપ્રકાશિત સમયની શ્રેણી (કલાક) | ૧.૫-૧૦.૭ |
| ૮. | પાછળના પાંચ દિવસમાં સંચિત વરસાદ (મી.મી.) | ૦.૦ |
| | **કુલ વરસાદ** | **૧૦.૦** |

### આઈ. એમ. ડી. દ્વારા પ્રાપ્ત હવામાન આગાહી (તા. ૧૨ જૂન થી ૧૬ જૂન - ૨૦૨૪)

| અનું. નં. | હવામાન પરિબળો | દિવસ-૧ (૧૨/૦૬) | દિવસ-૨ (૧૩/૦૬) | દિવસ-૩ (૧૪/૦૬) | દિવસ-૪ (૧૫/૦૬) | દિવસ-૫ (૧૬/૦૬) |
|---|---|---|---|---|---|---|
| ૧. | વરસાદ (મી.મી.) | ૫ | ૧૦ | ૧૪ | ૨૦ | ૧૮ |
| ૨. | મહત્તમ તાપમાન (સે.ગ્રે.) | ૩૫ | ૩૪ | ૩૪ | ૩૪ | ૩૩ |
| ૩. | લઘુત્તમ તાપમાન (સે.ગ્રે.) | ૨૯ | ૨૮ | ૨૮ | ૨૮ | ૨૮ |
| ૪. | મહત્તમ ભેજ (%) | ૮૨ | ૮૨ | ૮૦ | ૭૯ | ૮૦ |
| ૫. | લઘુત્તમ ભેજ (%) | ૫૫ | ૬૫ | ૬૧ | ૫૮ | ૫૭ |
| ૬. | પવનની ગતિ (કિ.મી./કલાક) | ૧૯ | ૧૮ | ૨૧ | ૨૩ | ૨૨ |
| ૭. | પવનની દિશા (કમ્પાસ પોઈન્ટ) | ૨૪૮ | ૨૩૮ | ૨૧૨ | ૨૧૨ | ૨૦૪ |
| ૮. | વાદળની સ્થિતિ (ઓકટા) | ૬ | ૬ | ૬ | ૬ | ૬ |

| **હવામાન સારાંશ / ચેતવણી** | |
|---|---|
| | • આઈ. એમ. ડી. , દ્વારા મળેલી હવામાનની આગાહી મુજબ આગામી પાંચ દિવસમાં આકાશ વાદળછાયું રહેશે અને છૂટછવાયા જગ્યાઓમાં હળવાથી મધ્યમ વરસાદ પડવાની સંભાવના છે.<br>• મહત્તમ તાપમાન ૩૩ સે. થી ૩૫ સે. જયારે લઘુત્તમ તાપમાન ૨૮ થી ૨૯ સે. આસપાસ હોવાની સંભાવના છે.<br>• હવામાં ભેજનું પ્રમાણ ૫૫ થી ૮૨ ટકા વચ્ચે રહેવાની સંભાવના છે.<br>• પવનની દિશા દક્ષિણ-પશ્ચિમ રહેશે જેની સરેરાશ ગતિ ૧૮ થી ૨૩ કિ.મી./કલાક રહેવાની શક્યતા છે.<br>• વિસ્તૃત રેન્જની આગાહી મુજબ , ૨૨ જૂન, ૨૦૨૪ સુધી સામાન્ય થી નીચે વરસાદ પડ વાની શક્યતા છે અને મહત્તમ અને લઘુતમ તાપમાન સામાન્ય રહેવાની શક્યતા છે. |

# -:: દક્ષિણ ગુજરાત ભારે વરસાદ વિસ્તાર ::–

| | |
|---|---|
| **સામાન્ય સલાહ** | • જો પવનની ગતિ ૧૫ કિમી પ્રતિ કલાક કરતાં વધુ હોય તો ખેતરમાં કેમિકલ જેવાકે પેસ્ટિસાઈડ નો છંટકાવ ન કરવો.<br>• ઊભા પાકોમાં ભલામણ મુજબના ખાતરો તથા જરૂરિયાત મુજબ પિયત આપવું અને આકાશ ચોખ્ખું હોય તથા પવનની ગતિ ઓછી રહે ત્યારે જંતુનાશક તથા ફૂગનાશક દવાની જોડે ડીટરજન્ટ પાઉડર અથવા સ્ટીકર (ગુંદરીયુ) નો ઉપયોગ કરીને છંટકાવ કરવો.<br>• ખેતરના સેઢા, પાળા અને વરસાદના પાણીની નિકાલની ગટરોને સાફ કરી આગામી ચોમાસા માટે તૈયાર કરવી.<br>• ઉનાળુ પાકોની કાપણી કર્યા પછી જમીનમાં ઊંડી ખેડ કરી જમીનને સૂર્યના તાપમાં તપવા દેવી જેથી જમીનમાં રહેલ કોશેટા, રોગ અને જીવાતનો નાશ કરી શકાય.<br>• આગામી ચોમાસામાં પાક વાવેતર માટે ખેત આયોજન કરી તેના અનુરૂપ સુધારેલ/હાઈબ્રીડ જાતોનું બિયારણ , ખાતર અને દવાનો પુરવઠો સમયસર મેળવી લેવો અને મેળવેલ અથવા પોતાના બીજનો ઉગાવો થોડું સેમ્પલ લઈને ચકાસી લેવો.<br>• જમીનમાં ભેજનું પ્રમાણ જાળવવા અને નિંદણ નિયંત્રણ માટે પાકના અવશેષો, ભૂસું, પરાળ અથવા પ્લાસ્ટિક મલ્ચ (આવરણ)નો ઉપયોગ કરવો.<br>• મહત્તમ તાપમાનમાં અચાનક વધારો થવાને કારણે દિવસ દરમિયાન પ્રાણીઓને શેડ/આચ્છાદિત વિસ્તારની નીચે રાખો.<br>• પાકને મહત્તમ તાપમાનથી બચાવવા માટે શાકભાજીના ખેતરમાં નીંદણ ન કરવું.<br>• કૃષિ હવામાન સલાહકારી બુલેટીન અને હવામાનની આગાહી અંગેની માહિતી મેળવવાં માટે ડાઉનલોડ કરો મેઘદૂત મોબાઈલ એપ્લીકેશન, જે ખેડુતોને તેમની સ્થાનિક ભાષામાં સ્થાન, પાક અને પશુધન વિશે હવામાનઆધારિત કૃષિ સલાહ પ્રદાન કરશે. મેઘદૂત એપ્લીકેશનને ડાઉનલોડ કરવા માટે નીચેની લિંક પર ક્લિક કરો:<br>એન્ડ્રોઈડ યુઝર્સ:https://play,google.com/store/apps/details?id=com.aas.meghdoot<br>આઈ.ઓ.એસ. યુઝર્સ:https://apps.apple.com/in/app/meghdoot/id1474048155<br>• દામિની મોબાઈલ એપ્લીકેશન દ્વારા આકાશીય વિજળીની અગાઉથી ચેતવણી આપવામાં આવે છે તેમજ આકાશીય વિજળીથી બચવા શું કરવું અને શું નહિ કરવું તેની વિગતવાર માહિતી પૂરી પાડ વામાં આવે છે . આથી ખેડુતમિત્રોને દામિની મોબાઈલ એપ્લીકેશન ડાઉનલોડ કરવાની સલાહ આપવામાં આવે છે . દામિની એપ્લિકેશન ડાઉનલોડ કરવા માટે નીચેની લીંક પર ક્લિક કરો: એન્ડ્રોઈડ યુઝર્સ:<br>https://play.google.com/store/apps/details?id=com.lighteninglive.damini<br>આઈ.ઓ.એસ. યુઝર્સ:https://apps.apple.com/app/id1502385645 |
|  | |
| **પાક** | **હવામાન આધારિત કૃષિ સલાહ** |
| **શેરડી** | **વાનસ્પતિક વિકાસ અવસ્થા**<br>પૂરતી ખાતરની ભલામણ મુજબ નાઈટ્રોજન ખાતર આપવું. –<br>• બીજો ડોઝ – ૨૫૦ કિગ્રા. નાઈટ્રોજન/હે. ના ૩૦% મુજબ વાવણીના ૩ થી ૩.૫ માસ બાદ , ત્રીજો ડોઝ – ૨૫૦ કિગ્રા. નાઈટ્રોજન/હે. ના ૨૦% મુજબ વાવણીના ૪ થી ૪.૫ માસ બાદ , ચોથો ડોઝ – ૨૫૦ કિગ્રા. નાઈટ્રોજન/હે. ના ૩૫% મુજબ વાવણીના ૫.૫ થી ૬ માસ બાદ (ભારે પાળા ચડાવ્યા પહેલા).<br>• જમીન/વાતાવરણ અને પાકની અવસ્થા મુજબ જરૂરી પિયત આપવું. ઉનાળામાં - ૧૫-૧૭ દિવસના ગાળે પિયત આપવું અથવા ટપક પિયત અપનાવી અને બે હર વચ્ચે સૂકી પતારીનું આવરણ (મલચિંગ) કરી પિયત પાણીની બચત કરવી.<br>• વાવણીના ૩-૩.૫ માસે અને ૫.૫-૬ માસે પાળા ચડાવવા.<br>• હવામાનમાં તાપમાન વધવાથી ઉપદ્રવમાં વધારો થાય છે, તેથી શેરડી ડૂંખના વધેકો અને શેરડીની સફેદમાખીનો નિયંત્રણ માટે કાર્બોફ્યુરાન ૩ સીજી ૩૩ કી.ગ્રા/હે પાળા ચઢાવતી વખતે જમીનમાં આપવું.<br>• ચોમાસા પહેલા ખેતરની ફરતે નીક ખોદવી અથવા સફાઈ કરવી.<br>• અંગારીઓ અને સુકરા રોગના નિયંત્રણ માએ રોગીસ્ત છોડનો નાશ કરવો |

| | |
|---|---|
| | • કાર્બેન્ડાઝીમ ૫૦ ડબલ્યુપી ૧૦ ગ્રા./૧૦ લી. પાણીમાં મિક્સ કરી તંદુરસ્ત છોડની નજીક છોડનો નાશ કરવો. |
| **ચોમાસુ ડાંગર** | • ચોમાસુ ડાંગરના ધરૂ માટે જરૂરી જમીન ખેડ કરી, સમતળ કરી તૈયાર કરવી.<br>• સારૂ કોહવાયેલ છાણયુ/ગણતયુ ખાતર ખેડ સમયે જમીનમાં ભેળવવું.<br>• જેટલા વિસ્તારમાં ફેરરોપાણી કરવાની હોય તેના ૧/૧૦ ભાગના વિસ્તારમાં ધરુવાડીયું બનાવવું. નવી જાતનું પ્રમાંણીત બીજ યુંનિવર્સિટી ફાર્મ પરથી મેળવી લેવું.<br>• ૧ હેક્ટર વિસ્તારમાં ફેરરોપાણી માટે ૨૫-૩૦કિલો બીજની જરૂરત હોય છે.<br>• ધરુવાડિયામાં વાવેતર જૂનના પ્રથમ પખવાડીયામાં કરવું. |
| **ઉનાળુ ડાંગર** | **પાકવા અવસ્થા:**<br>• દાણા કઠણ થતા, ક્યારીમાંથી પાણી નિતારી દેવું.<br>• પાક તૈયાર થતા સમયસર કાપણી કરવી. દાણા સંગ્રહ કર્યા પહેલા સૂર્ય તાપમાં તપાવી લેવા. |
| **ઉનાળુ કઠોળ** | **પાકવા અવસ્થા:**<br>• પાક તૈયાર થતા સમયસર કાપણી કરવી, ચોમાસુ પાક માટે જમીન તૈયાર કરવી. |
| **ઉનાળુ ભીંડા** | • કુમળા અને વેચાણલાયક ફળોની વીણી હવામાન ચોખ્ખુ હોય ત્યારે કરવી જોઈએ.<br>• રોગ-જીવાતવાળા અને બગડેલા ફળો દૂર કરવા જોઈએ.<br>• જરૂરિયાત મુજબ પિયત આપવું.<br>• નિદાંમણના નાશ માટે યોગ્ય પગલાં લેવા.<br>• ભીંડામાં ભૂકીછારા અને પાનના ટપકના નિયંત્રણ માટે હેક્સાકોનાઝોલ ૫ એસિ ૧૦ મિલી. અથવા કાર્બેન્ડાઝીમ ૫૦ ડબલ્યુપી ૫ ગ્રા પ્રતિ ૧૦ લી. પાણીમાં મીશ્ર કરી હવામાન ચોખ્ખુ હોય ત્યારે છંટકાવ કરવો.<br>• ખેતરમાંથી પીળી નસના વિષાણુ જાની છોડ ને ઉપાડી નાશ કરો.<br>• રોગનો ફેલાવો સફેદ માખીથી થાતો હોય, શોષક પ્રકારની જંતુ નાશક દવાનો છંટકાવ કરવો.<br>• પાન કથીરી: નુકશાનવાળા પાનનો/છોડ કથીરી સહીત ભેગા કરી તેનો નાશ કરવો.<br>અથવા<br>• તાપમાનમાં વધારો થવાથી ભીંડામાં પાન કથીરિના નિયંત્રણ માટે ફેનાઝાકવીન ૧૦ ઈસી ૧૫ મિલી અથવા સ્પાયરોમેસીફેન ૨૨.૯ એસ.સી ૮ મિલી પ્રતિ ૧૦ લી પાણીમાં ભેળવી ને પાક ઉપર હવામાન ચોખ્ખુ હોય ત્યારે છંટકાવ કરવો. |
| **રીંગણ** | • કુમળા અને વેચાણલાયક ફળોની વીણી હવામાન ચોખ્ખુ હોય ત્યારે કરવી જોઈએ.<br>• રોગ-જીવાતવાળા અને બગડેલા ફળો દૂર કરવા જોઈએ.<br>• જરૂરિયાત મુજબ પિયત આપવું.<br>• નિદાંમણના નાશ માટે યોગ્ય પગલાં લેવા.<br>• રીંગણની ફળ અને ડુખ ની ઈયળના ૪૦ ફેરોમોન ટ્રેપ પ્રતિ હકેટરદીઠ મુકવા.<br>• લઘુપર્ણ રોગ: રોગીસ્ટ છોડ ને ઉપાડી નાશ કરવો.<br>• પાન કથીરી: નુકશાનવાળા પાનનો/છોડ કથીરી સહીત ભેગા કરી તેનો નાશ કરવો.<br>અથવા<br>• તાપમાનમાં વધારો થવાથી રીંગણની પાન કથીરિના નિયંત્રણ માટે પ્રોપર્ગાઈટ ૫૭ ઈસી ૨૦ મિલી. અથવા ફેનાઝાકવીન ૧૦ ઈસી ૧૫ મિલી અથવા ઈટોક્ષાસોઝોલ ૧૦ એસ સી ૮ મિલી અથવા સ્પાયરોમેસીફેન ૨૨.૯ એસ.સી ૮ મિલી પ્રતિ ૧૦ લી પાણીમાં ભેળવીને પાક ઉપર હવામાન ચોખ્ખુ હોય ત્યારે છંટકાવ કરવો. |
| **ચોળી** | • કુમળા અને વેચાણલાયક ફળોની વીણી કરવી .<br>• જરૂરિયાત મુજબ આંતરખેડ અને નિંદામણ કરવી.<br>• જરૂરિયાત મુજબ પિયત આપવું. |
| **ગુવાર** | • કુમળા અને વેચાણલાયક ફળોની વીણી કરવી .<br>• જરૂરિયાત મુજબ આંતરખેડ અને નિંદામણ કરવી.<br>• જરૂરિયાત મુજબ પિયત આપવું. |
| **પરવળ** | • ફળ તૈયાર થયા બાદ તેની વીણી કરવી.<br>• જરૂરિયાત મુજબ પિયત આપવું. |
| **ટિંડોળા** | • ફળ તૈયાર થયા બાદ તેની વીણી કરવી.<br>• જરૂરિયાત મુજબ પિયત આપવું. |
| **સુરણ** | • ૦.૧ % કાર્બેડેઝીમ સાથે ગાયના તાજા છાણની રબડીમાં કંદને બોળીને છાંયડામાં સુકવી પછી રોપણી કરવામાં આવે છે.<br>• ગાંઠને ૯૦ **x** ૯૦ સેમી. ના અંતરે રોપણી કરો.<br>• ખાડામાં ઉભા રોપી અને હવામાનની માહિતીને ધ્યાનમાં રાખી હળવું પાણી આપવું.<br>• દક્ષિણ ગુજરાતના ભારે વરસાદીય વિસ્તારમાં સેન્દ્રીય ખેતીથી સૂરણની ગજેન્દ્ર જાત ઉગાડવા માંગતા ખેડૂતોએ સજીવ ખેતી ઉત્પાદિત ૫૦૦ ગ્રામ વજનનાં સૂરણના ટૂકડાને લઇ તેને ૧-૨ કિલો લીમડાના ખોળ તથા બિયારણના ૧ કિલો વજન દીઠ ૫ ગ્રામ ટ્રાયકોડર્મા હરજીયાનમ ભેળવેલ ૧ ડોલ છાણની રબડીમાં માવજત |

NAVSARI AGRICULTURAL UNIVERSITY
AMFU Navsari

| | |
|---|---|
| | આપી છાંયડામાં સૂકવી વાવેતર કરવું.<br>• વાવેતર સમયે ૩૬ ટન/હે. છાણિયા ખાતર : લીમડાનો ખોળ (૧૦:૧ નું પ્રમાણ) કે જેમાં ૨.૫ કિલો/ટન પ્રમાણે ભેળવેલ ટ્રાયકોડર્મા હરજીયાનમ મિશ્રણનો ઉપયોગ કરવો તથા સાથે સાથે ૧ ટન/ હેકટર લીમડાનો ખોળ પણ આપવો.<br>• સૂરણના ખાડાની વચ્ચેની ખાલી જગ્યામાં ફરી પાછો ચોળીનો લીલો પડવાશ ૨૦ કિલો/હેકટર બિયારણ લઈ કરવો તથા ૪૫ થી ૬૦ દિવસોમાં તેને ખાડામાં દબાવી દેવો તથા સાથે સાથે ૩ ટન/ હેકટર રાખ પણ આપવી. |
| **રતાળુ** | • કંદના ટુકડાને ક્લોરોપાયરીફોસ + બાવીસ્ટીન ની કંદ માવજત આપી છાયામાં સુકવ્યા બાદ રોપણી કરવી.<br>• ગાંઠને ૯૦ x ૯૦ સેમી. ના અંતરે રોપણી કરો.<br>• હવામાનની માહિતીને ધ્યાનમાં રાખી હળવું પાણી આપવું. |
| **તાનિયા** | • ગાંઠને ૯૦ x ૯૦ સેમી. ના અંતરે રોપણી કરો.<br>• હવામાનની માહિતીને ધ્યાનમાં રાખી હળવું પાણી આપવું. |
| **આંબા** | **સામાન્ય સલાહ :**<br>• આંબાના મેઢની ઈયળો થડમાંથી શોધીને મારી નાખો અને કાણાંની અંદર ક્લોરપાયરીફોસ ૨૦ ઈસી ૨૫ મી.લી./૧૦ લી. દ્રાવણ નાંખી કાદવથી કાણાં બંધ કરી દેવા.<br>• આંબાનાં નાના રોપાની જાળવણી માટે ટેકો આપવાની વ્યવસ્થા કરવી જેથી વરસાદ અને વધુ પવનની ઝડપ સામે ટકી શકે.<br>• આંબાની વાડીમાં ફળમાખીના નિયંત્રણ માટે ફળમાખીના પીંજર (૧૦ ટ્રેપ/હે.) મૂકવા.<br>• કપાયેલ ડાળી પર બોર્ડેક્સ પેસ્ટ ૧૦ ટકા લગાડવુ.<br>• આંબા નવી વાડી બનાવવા તંદુરસ્ત અને રોગમુક્ત કલમો અધિકૃત અને સરકારી નર્સરી માંથી મેળવવી જોઈએ.<br>• નવી કલમો માટે તૈયાર કરેલ ખાડામાં ૧૦ કિગ્રા. છાણિયું ખાતર , ૧ કિગ્રા. સુપર અને ૧ કિગ્રા. પોટાશ ખાતર આપવું. ઉધઈ અને કીડીનો ઉપદ્રવ કલમોમાં જોવા મળે તો ૫૦ મિલી લોરપાયરીફોસ અથવા ૧૦૦ ગ્રામ મિથાઈલ પેરાથીઓન ની માવજત ખાડા પૂરતી વખતે કરી દેવી.<br>• આંબાવાડીમાં પુખ્ત ઝાડ દિઠ ૧૦૦ કિગ્રા. છાણિયું ખાતર, ૮૦૦ ગ્રામ યુરિયા અથવા ૧.૮ કિગ્રા. અમોનિયમ સલ્ફેટ ૧.૦ કિગ્રા. સિંગલ સુપર સલ્ફેટ અને ૧.૩ કિગ્રા. મ્યુરેટ ઓફ પોટાશ ખાતર ચોમાસામાં આપવું.<br>• આંબાવાડીયામાં રાસાયણિક ખાતર આપ્યાના ૧૫ દિવસ પહેલા અથવા પછી બાયોફર્ટિલાઈઝર જેવા કે એઝોટોબેકટર, ૫૦ મિલી., ફોસ્ફેટ સોલ્યુબિલિઝિંગ બેક્ટેરિયા ૫૦ મિલી., પોટાશ મોબિલિઝિંગ બેક્ટેરિયા ૫૦ મિલી. અને ટ્રાયકોડર્મા ૧૦૦ ગ્રામ. પ્રતિ ઝાડ આપવું. |
| **ચીકુ** | • બીજા વિભાજનમાં ભલામણ કરેલ ખાતરનો ૨૫ ટકા ભાગ પ્રમાણે રાસાયણિક ખાતર એમોનિયમ સલ્ફેટ ૧.૩ કિગ્રા અથવા યુરિયા ૦.૬ કિગ્રા, સિંગલ સુપર ફોસ્ફેટ ૦.૮ કિગ્રા, મ્યુરેટ ઓફ પોટાશ ૦.૩ કિગ્રા, છાણિયુ ખાતર ૨૫ કિગ્રા આ મહિનામાં હવામાન ચોખ્ખુ હોય ત્યારે આપવું. |
| **પશુપાલન** | **સામાન્ય સલાહ :**<br>• પશુઓને દૂધ ઉત્પાદન અને નિભાવની જરૂરિયાત ધ્યાનમાં લઈ પૂરતા પ્રમાણમા સમતોલ આહાર આપવો . તેમજ પશુઓના રહેઠાણ ચોખ્ખા રાખવા, દિવસ દરમ્યાન સમયાંતરે મળ-મૂતર નો નિકાલ કરવો.<br>• પશુઓને યોગ્ય આહારમા જરૂરીયાત પ્રમાણે ખનિજયુકત મિશ્રણના સમાવેશ કરવો જોઈએ.<br>• ચાફ કટરથી લીલા તથા સૂકા ઘાસચારાને ટુકડા કરીને જ નીરણ કરવું.<br>• દુધાળા પશુઓના આઉને દૂધ દોહન પહેલા અને પછી ઝીંક ઓકસાઈડ અથવા બોરીક પાઉડર અથવા પોટેશીયમ પરમેગેનેટ ના દ્રાવણથી બરાબર સાફ કરવા.<br>• પશુઓનાં ઈતરડીના નિયંત્રણ માટે ડેલ્ટામેથીન અથવા એમીટાઝર ૨ મી.લી./લિટર પાણીમાં નાખને છાંટવી (દવાની બોટલ ઉપર લખેલી સૂચનાનો અમલ કરવો).<br>• કોઢ/ગમાણની ઉંચાઈ ૧૦ ફૂટથી વધારે રાખવી, જેથી હવાની હેરફેર સરળતાથી થઈ શકે, બફારો/ગરમી ઓછી થાય અને ભોયાતળિયાનો ભાગ સુકો રહે.<br>• વિયાળ બાદ વાછરડા/પાડીયાને અડધાથી એક કલાકની અંદર ૫૦૦ મી.લી. જેટલું ચીક / ખીરું પીવડાવવું ત્યારબાદ પંદર દિવસ સુધી વછરડા/પાડીયાં કુલ વજન ના ૧૦ માં ભાગનું દૂધ/દિવસ પીવડાવવું.<br>• પશુ ઈચ્છે ત્યારે પાણી પી તેવી વ્યવસ્થા રાખવી અથવા દિવસમાં ઓછા માં ઓછુ ચાર વાર પશુની જરૂરીયાત મુજબ પાણી આપવું.<br>• મહત્તમ તાપમાનમાં અચાનક વધારો થવાને કારણે દિવસ દરમિયાન પ્રાણીઓને શેડ/આચ્છાદિત વિસ્તારની નીચે રાખો.<br>• ગરમીની ઋતુમાં પશુઓનું શારીરિક તાપમાન જળવાય રહે તે માટે કોઢ/ગમાણમાં પંખાની વ્યવસ્થા કરવી અથવા બપોરના સમયમાં વૃક્ષના છાયડામાં રાખી શકાય. |
| **વનીકરણ** | • પ્રથમ બને બીજા વર્ષના વાવેતર દરમ્યાનમાં નિંદણ અને સફાય કરવી જોઈએ.<br>• ધરુવાડિયામાં ઉછરેલા સાગના રોપાને સાગ સ્ટેમ્પની તૈયારી માટે ટ્રાન્સપ્લાન્ટ કરી શકાય છે. |

NAVSARI AGRICULTURAL UNIVERSITY
AMFU Navsari

| | |
|---|---|
| **ફીશરીઝ** | **સામાન્ય સલાહ** :<br>• મીઠા પાણીના મ ત્સય મીઠા પાણીના જીંગા ઉત્પાદન કરતા ખેડૂતોને જણાવવાનું કે , આ સમયગાળા દરમ્યાન પૂરતી માત્રામાં ખોરાક આપવોકારણ કે આ વાતાવરણ માછલી/મીઠા પાણીના જીંગા માટે અનુકૂળ છે.<br>• તળાવમાં પાણીનું લેવલ જાળવવું અને વધુ વરસાદ આવે ત્યારે તળાવના આઉટલેટ થોડી માત્રામાં ખોલવા તેથી પાણીનું લેવલ જળવાયેલું રહે<br>• તળાવના તળિયાનું અને સપાટીનું તાપમાન સરભર કરવા એરેટર અથવા પંમ્પ ચલાવવા. |

❖ **એગ્રોમેટ સલાહકાર સેવા બુલેટીન કમિટીના સભ્યો :**

- ડૉ. એચ. એમ. વિરડીયા, પ્રાધ્યાપક અને વડા (સશ્ય વિજ્ઞાન)
- ડૉ. એલ. વી. ઘેટીયા, સહ પ્રાધ્યાપક (વનસ્પતિ કીટકશાસ્ત્ર)
- ડૉ. કે. બી. રાખોલીયા, સહ પ્રાધ્યાપક (વનસ્પતિ રોગશાસ્ત્ર) :
- ડૉ. સી. જી. ઈટવાલા, સંશોધન વૈજ્ઞાનિક (શાકભાજી વિજ્ઞાન)
- ડૉ. વાય. એન. ટંડેલ, સહ પ્રાધ્યાપક (ફળ વિજ્ઞાન)
- ડૉ. વી. આર. પટેલ, મદદનીશ પ્રાધ્યાપક (પશુપાલન)
- ડૉ. દિલેશ્વર નાયક, મદદનીશ પ્રાધ્યાપક (વનીકરણ)
- ડૉ. એમ. આર. પટેલ, મદદનીશ પ્રાધ્યાપક (ફીશરીઝ સાયન્સ)
- ડૉ. વિભા ટાક, રીસર્ચ એસોસીયેટ (જી.કે.એમ.એસ.)
- ડૉ. પી. કે. પરમાર, મદદનીશ પ્રાધ્યાપક (કૃષિ હવામાનશાસ્ત્ર) અને પ્રિન્સિપાલ નોડલ ઓફિસર (જી.કે.એમ.એસ.)

कृषि मूला ऋद्धि
NAVSARI AGRICULTURAL UNIVERSITY
AMFU_Navsari

# Gramin Krishi Mausam Sewa

Agricultural Meteorological Cell
Navsari Agricultural University
Navsari – 396450, Gujarat
E-mail :- aasnavsari@gmail.com

NAVSARI AGRICULTURAL UNIVERSITY

India Meteorological Department


**(Jointly issued by Navsari Agricultural University & India Meteorological Department)**

DATE OF ISSUE: 11/06/2024

# Agromet Advisory Bulletin No: 21/2024 - 2025

## -- Navsari District --

**Weather summary of preceding week 07 June to 11 June - 2024**

| Sr. No. | Name of Weather Parameters | Value |
|---|---|---|
| 1. | Range of Rainfall (mm) | 0.0-10.0 |
| 2. | Range of Maximum Temperature (°C) | 33.0-37.0 |
| 3. | Range of Minimum Temperature (°C) | 24.0-28.6 |
| 4. | Range of Relative Humidity (%) | 53-96 |
| 5. | Range of Wind Speed (km/hrs) | 4.0-6.0 |
| 6. | Range of Cloud Cover (Okta) | 0-8 |
| 7. | Range of bright sunshine hours (hrs) | 1.5-10.7 |
| 8. | Last five days cumulative rainfall (mm) | 0.0 |
| | **Total Rainfall (mm)** | **10.0** |

**IMD based Weather forecast for 12 June to 16 June – 2024**

| Sr. No. | Weathers Parameters | Day – 1 (12/06) | Day - 2 (13/06) | Day - 3 (14/06) | Day - 4 (15/06) | Day - 5 (16/06) |
|---|---|---|---|---|---|---|
| 1. | Rainfall (mm) | 5 | 10 | 14 | 20 | 18 |
| 2. | Maximum temperature (°C) | 35 | 34 | 34 | 34 | 33 |
| 3. | Minimum Temperature (°C) | 29 | 28 | 28 | 28 | 28 |
| 4. | Max. Relative Humidity (%) | 82 | 82 | 80 | 79 | 80 |
| 5. | Min. Relative Humidity (%) | 55 | 65 | 61 | 58 | 57 |
| 6. | Wind Speed (km/hr.) | 19 | 18 | 21 | 23 | 22 |
| 7. | Wind Direction (Compass point) | 248 | 238 | 212 | 212 | 204 |
| 8. | Total Cloud Cover (Okta) | 6 | 6 | 6 | 6 | 6 |

NAVSARI AGRICULTURAL UNIVERSITY
NAU Navsari

| Weather Summary/ Alert | |
|---|---|
| | • As per the forecast issued by India Meteorological Department over the next five days, the sky will be cloudy and there are chances of light to moderate rainfall at isolated places.<br>• The Maximum temperature is 33 °C to 35 °C, when the Minimum temperature is 28 °C to 29 °C likely to be around.<br>• The humidity in the air is likely to be between 55 and 82 percent.<br>• The wind direction will be South-West with an average speed of 18 to 23 km/h.<br>• As per Extended range forecast, possibility of below normal rainfall and maximum and minimum temperature likely to be normal up to 22nd June, 2024. |

# -:: South Gujarat Heavy Rainfall Zone ::-


**General Advisory**

- Wind speed is high >15 kmph, so avoid spraying of pesticide.
- Farmers are advised to apply irrigation as per requirement of crops and apply recommended dose of fertilizers and monitor the crop and take plant protection measures against disease-pest incidence.
- Cleaning ridge, fencing and drainage system of the field and preparing the field for the next monsoon.
- Farmers are advised to go for summer deep ploughing after harvesting of the crop with sub-soiler or chisel plough to break hard pan in the sub soil, to improve soil condition & to destroy the soil borne pathogen, insect pest and weeds by exposing them to hot sun light.
- Make planning for next kharif season and procure improved verities/hybrid seeds, fertilizers, agrochemicals and other inputs accordingly. Undertake the seed germination test by using part of sample seeds of procured/own seeds before sowing in field.
- Use crop residue, straw, plastic mulch for conservation of soil moisture and weed control.
- Keep animals under shed/covered area during day hours due to sudden increase in maximum temperature.
- No weeding in vegetable field to protect crops from high temperature.
- Download the MEGHDOOT mobile application for Agromet Advisory Services and information on weather forecasting, which will provide weather based agricultural advice to farmers for their location, crops and livestock in their local language. Click on the following link to download the MEGHDOOT application:

Android users: **https://play.google.com/store/apps/details?id=com.aas.meghdoot**
IOS users: **https://apps.apple.com/in/app/meghdoot/id1474048155**

- Download the DAMINI Mobile application to ensure the safety through monitoring sky lightning activity. It will provide the alert and detail description of instruction, precaution, Do and Don't. Click on the following link to download the DAMINI application.

Android users: https://play.google.com/store/apps/details?id=com.lighteninglive.damini
IOS users:https://apps.apple.com/app/id1502385645




Source: https://www.star.nesdis.noaa.gov

| Crop | Weather based Agro-Advisory |
|---|---|
| **Sugarcane** | **Vegetative Stage**<br>• Apply split dose of Nitrogen fertilizer as per recommendation- 2nd dose 30% of 250 kg N/ha at 3-3.5 month after planting, 3rd dose 20% of 250 kg N/ha at 4-4.5 month after planting and 4th dose 35% of 250 kg N/ha at 5.5-6 month after planting (before final earthing up).<br>• As per soil/climatic condition and stage of crop irrigation apply- summer at 15-17 day interval or adopt drip method of irrigation and mulching of trash in between two rows of crop to save irrigation water.<br>• Digout/clean drainage around field before monsoon.<br>• Earthing up should be done at 3-3.5 and 5.5-6 months after planting.<br>• Application of *Carbofuron* 3 CG @ 33 kg/ha in soil at the time of earthing up operations for control of sugarcane early shoot borer and sugarcane whitefly due to increase in temperature.<br>• Up root and burn whip smut and wilted plant from field.<br>• Drenching *carbendazim* 50 wp 10gm/10 lit water from prevent spread of both disease nearby healthy plants. |
| ***Kharif* Paddy** | • Prepare field for nursery by ploughing and harrowing, apply well decomposed FYM or Biocompost and prepare raised bed of 1m wide and convenient length. |

| | |
|---|---|
| | 1/10th area of Transplanting (1000 sq. m area of nursery for Transplanting in 1 ha field) should be used for nursery. Procure seeds of newly released variety of rice from University farm. 25-30 kg seeds require to transplant 1 ha area.<br>• Sowing nursery in 1st fortnight of June. |
| **Summer Paddy** | **Maturity stage:**<br>• At hardening of grain in panicle, withdraw the water from the field and allow drying the field.<br>• At maturity harvest the crop and properly sun dry before storage. |
| ***Summer* Pulse crop** | **Maturity stage:**<br>• Harvest the crop when most of pods mature and prepare the field for kharif crop. |
| **Summer Okra** | • Harvesting should be carried out as per the tenderness of marketable fruit during clear weather condition.<br>• Discard damaged and diseased fruit.<br>• Apply irrigation as per need.<br>• Weeding should be carried out.<br>• Spraying of Hexaconozole 5 EC @ 10 ml or Carbendazim 50 WP 5 g per 10 Lit of water for control of powdery mildew/leaf spot disease under clear weather condition.<br>• Up root and burn whip yellow vein mosaic infected okra plant from field.<br>• Spraying systemic insecticides for whitefly (vector) management.<br>• **Red Spider Mite**: Collection & destruction of damaged leaves/plants along with mites.<br>Or<br>• As temperature is increasing rapidly favoring population build up of red spider mite in okra, for its management spray Fenazaquin 10 EC @ 15 ml or Spriomesifen 22.9 SC @ 8 ml per 10 lit of water during clear weather condition. |
| **Brinjal** | • Harvesting should be carried out as per the tenderness of marketable fruit during clear weather condition.<br>• Discard damaged and diseased fruit.<br>• Apply irrigation as per need.<br>• Weeding should be carried out.<br>• 40 pheromone trap per hectare should be kept for management of fruit and shoot borer in brinjal.<br>• **Little leaf of brinjal**: Monitoring and uproot and burn from brinjal field.<br>• **Red Spider Mite**: Collection & destruction of damaged leaves/plants along with mites.<br>Or<br>• As temperature is increasing rapidly favoring population build up of red spider mite in brinjal, for controlling spray Propargite 57 EC @ 20 ml/10 lit or Fenazaquin 10 EC @ 15 ml or Etoxozole 10 SC @ 8 ml or Spriomesifen 22.9 SC @ 8 ml per 10 lit of water during clear weather condition. |
| **Cow Pea** | • Harvesting should be carried out as per the tenderness of marketable fruit.<br>• Interculturing & weeding should be carried out.<br>• Apply irrigation as and when required. |
| **Cluster bean** | • Harvesting should be carried out as per the tenderness of marketable fruit.<br>• Interculturing & weeding should be carried out.<br>• Apply irrigation as and when required. |
| **Pointed gourd** | • Marketable fruit should be harvested.<br>• Apply irrigation as and when required. |
| **Little gourd** | • Marketable fruit should be harvested.<br>• Apply irrigation as and when required. |
| **Elephant foot yam** | • Treat the corm seed with 0.1 % *Carbendazim* + fresh thick cow dung slurry, dry it and burry it vertically in the pits.<br>• Planting the corm seed at the spacing of 90 x 90 cm.<br>• Give light irrigation considering the weather information.<br>• The farmers of south Gujarat Heavy Rainfall Zone, intending to grow elephant foot yam cv. Gajendra organically are advised to take organically produced planting material of 500 g weight and treat it with bucket full of cow dung slurry containing 1- 2 kg neem cake and *Trichoderma harzianum* (5 g per kg seed corm) and then dry under shade before planting. |

NAVSARI AGRICULTURAL UNIVERSITY

| | |
|---|---|
| | • At the time of planting, apply FYM : neem cake mixture (in 10:1 ratio) @ 36 t ha$^{-1}$ incorporated with *Trichoderma harzianum* @ 2.5 kg per tonne of FYM neem cake mixture along with neem cake @ 1 t ha$^{-1}$ in pits.<br>• Raise green manure cowpea again with 20 kg ha$^{-1}$ seed rate in-between fallow space of elephant foot yam plants and incorporate at 45-60 days in pits along with 3 t ha$^{-1}$ of ash. |
| **Greater yam** | • Treat the tuber seed with *Chlorpyriphos + Bavistin* and dry in shade, then planting should be done.<br>• Planting the corm seed at the spacing of 90 x 90 cm.<br>• Give light irrigation considering the weather information. |
| **Tannia** | • Planting the corm seed at the spacing of 90 x 90 cm.<br>• Give light irrigation considering the weather information. |
| **Mango** | **General Advise :**<br>• Find grubs of stem borer from gallery and holes on the stem and kill them. Do pouring of Chlorpyriphos 20 EC @ 25 ml/ 10 lit in hole and plug it with mud in clear weather condition under clear weather condition..<br>• Provide support to the young plants of mango to protect against rain and high wind speed.<br>• Application of 10 % Bordeaux paste in cut/pruning branches of fruit tree.<br>• Procure healthy and disease free planting material from authorized and government nursery for the new plantation.<br>• Prepare pit for plantation of new grafts by filling 10 kg FYM, 1 kg SSP and 1 kg MOP. Give 50 ml. Chlorpyriphos or 100 g Methyl Parathion to manage termite and ants.<br>• Apply recommended dose of fertilizer per tree @ 800 g Urea or 1.8 kg Ammonium Sulphate, 1.0 kg SSP and 1.3 kg MOP along with 100 kg FYM to adult tree.<br>• In addition RDF, give biofertilizers viz., Azotobactor 50 ml, PSB 50 ml, KMB 50 ml and Trichoderma 100 g per adult tree in monsoon. Before or after 15 days of fertilizer application.<br>• Install methyl eugenol trap (10 traps/ha.) for controlling fruit flies in mango orchard. |
| **Sapota** | **General Advise :**<br>• Apply second split of 25% of RDF (Ammonium Sulphate -1.3 kg or Urea 0.6 kg, SSP 0.8 kg and MOP 0.3 kg + FYM 25 kg each tree) in clear weather condition. |
| **Livestock** | **General Advise :**<br>• Provide adequate quantity of balanced ration by considering the milk production and maintenance.<br>• Good quality dry roughage with 15-20 kg green fodder provided to the animals, only after chaffing.<br>• Feed silage & hay materials if available.<br>• Before and after milking udder must be properly clean with zinc oxide or boric powder or potassium permanganate solutions.<br>• For the control of tick and other parasites, spray *Deltemethrin* or *Aemitaz* 2 ml in 1 liter of water.<br>• Height of animal shed should keep minimum 10 feet for aeration to maintain the floor dry and to control humidity.<br>• Young calves should be offered with approximate 500 ml. of Colostrums within half an hour of calving. Thereafter for next 15 days, milk should be offered at the amount of 1/10$^{th}$ of body weight in a day.<br>• Keep drinking water facility for 24 hrs. of period or offered adlib water four times in a day.<br>• Keep animals under shed/covered area during day hours due to sudden increase in maximum temperature.<br>• In the summer season, to maintain the body temperature, it is advisable that to keep fan in the shade or can keep the animal under the shadow of the tree. |
| **Forestry** | • Weeding and cleaning should be done during first and second year plantations.<br>• The nursery raised teak seedling may be transplanted for teak stamp preparation for further filed planting |
| **Fisheries** | • Fresh water farmers give proper feed in fish/prawn farming for better growth rate because environment condition is very suitable. |

NAVSARI AGRICULTURAL UNIVERSITY

| | |
|---|---|
| | • Increase water depth and maintain water level through pond outlet.<br>• Mixing the top and bottom water by using the aerators or pumps. |

## ❖ Members of Agro-Advisory Committee :

- Dr. H. M. Viradia, Professor & Head (Agronomy)
- Dr. L. V. Ghetiya, Associate Professor (Entomology)
- Dr. K. B. Rakholiya, Associate Professor (Plant Pathology):
- Dr. C. G Intwala, Research Scientist (Vegetable Science)
- Dr. Y. N. Tandel, Associate Professor (Fruit Science)
- Dr. V. R. Patel, Assistant Professor (Animal Husbandry)
- Dr. Dileswar Nayak, Assistant Professor (Forestry)
- Dr. M. R. Patel, Assistant Professor (Fisheries Science)
- Dr. Vibha Tak, Research Associate(GKMS)
- Dr. P. K. Parmar, Assistant Professor (Agricultural Meteorology and Principal Nodal Officer (GKMS))

कृषि मूला ऋद्धि
NAVSARI AGRICULTURAL UNIVERSITY
AMFU_Navsari

# હવામાન આગાહી

| વિગત | તારીખ | ડાંગ | નવસારી | વલસાડ |
|---|---|---|---|---|
| વરસાદ (.મી.મી) | ૧૨/૦૬/૨૦૨૪ | ૫ | ૫ | ૫ |
| | ૧૩/૦૬/૨૦૨૪ | ૧૦ | ૧૦ | ૧૯ |
| | ૧૪/૦૬/૨૦૨૪ | ૧૩ | ૧૪ | ૧૩ |
| | ૧૫/૦૬/૨૦૨૪ | ૨૦ | ૨૦ | ૧૫ |
| | ૧૬/૦૬/૨૦૨૪ | ૨૦ | ૧૮ | ૨૦ |
| મહત્તમ તાપમાન (.ગ્રે.સે) | ૧૨/૦૬/૨૦૨૪ | ૩૭ | ૩૫ | ૩૫ |
| | ૧૩/૦૬/૨૦૨૪ | ૩૭ | ૩૪ | ૩૫ |
| | ૧૪/૦૬/૨૦૨૪ | ૩૫ | ૩૪ | ૩૫ |
| | ૧૫/૦૬/૨૦૨૪ | ૩૬ | ૩૪ | ૩૫ |
| | ૧૬/૦૬/૨૦૨૪ | ૩૬ | ૩૩ | ૩૫ |
| લઘુત્તમ તાપમાન (.ગ્રે.સે) | ૧૨/૦૬/૨૦૨૪ | ૨૯ | ૨૯ | ૨૩ |
| | ૧૩/૦૬/૨૦૨૪ | ૨૯ | ૨૮ | ૨૩ |
| | ૧૪/૦૬/૨૦૨૪ | ૨૯ | ૨૮ | ૨૩ |
| | ૧૫/૦૬/૨૦૨૪ | ૨૯ | ૨૮ | ૨૩ |
| | ૧૬/૦૬/૨૦૨૪ | ૨૯ | ૨૮ | ૨૩ |
| મહત્તમ ભેજ (%) | ૧૨/૦૬/૨૦૨૪ | ૮૦ | ૮૨ | ૮૩ |
| | ૧૩/૦૬/૨૦૨૪ | ૮૧ | ૮૨ | ૮૪ |
| | ૧૪/૦૬/૨૦૨૪ | ૮૦ | ૮૦ | ૮૨ |
| | ૧૫/૦૬/૨૦૨૪ | ૮૪ | ૭૯ | ૮૦ |
| | ૧૬/૦૬/૨૦૨૪ | ૮૭ | ૮૦ | ૮૧ |
| લઘુત્તમ ભેજ (%) | ૧૨/૦૬/૨૦૨૪ | ૩૯ | ૫૫ | ૫૪ |
| | ૧૩/૦૬/૨૦૨૪ | ૪૭ | ૬૫ | ૬૫ |
| | ૧૪/૦૬/૨૦૨૪ | ૫૪ | ૬૧ | ૫૮ |
| | ૧૫/૦૬/૨૦૨૪ | ૫૪ | ૫૮ | ૫૭ |
| | ૧૬/૦૬/૨૦૨૪ | ૬૭ | ૫૭ | ૫૪ |
| પવનની ગતિ(કિ.મી./કલાક) | ૧૨/૦૬/૨૦૨૪ | ૧૬ | ૧૯ | ૧૭ |
| | ૧૩/૦૬/૨૦૨૪ | ૧૫ | ૧૮ | ૧૫ |
| | ૧૪/૦૬/૨૦૨૪ | ૧૧ | ૨૧ | ૧૯ |
| | ૧૫/૦૬/૨૦૨૪ | ૧૦ | ૨૩ | ૨૧ |
| | ૧૬/૦૬/૨૦૨૪ | ૧૬ | ૨૨ | ૨૧ |
| પવનની દિશા (કમ્પાસ પોઈન્ટ) | ૧૨/૦૬/૨૦૨૪ | W | W | W |
| | ૧૩/૦૬/૨૦૨૪ | W | SW | SW |
| | ૧૪/૦૬/૨૦૨૪ | W | SW | SW |
| | ૧૫/૦૬/૨૦૨૪ | SW | SW | SW |
| | ૧૬/૦૬/૨૦૨૪ | W | SW | SW |
| વાદળની સ્થિતિ (ઓકટા) | ૧૨/૦૬/૨૦૨૪ | ૬ | ૬ | ૬ |
| | ૧૩/૦૬/૨૦૨૪ | ૬ | ૬ | ૬ |
| | ૧૪/૦૬/૨૦૨૪ | ૬ | ૬ | ૬ |
| | ૧૫/૦૬/૨૦૨૪ | ૬ | ૬ | ૬ |
| | ૧૬/૦૬/૨૦૨૪ | ૬ | ૬ | ૬ |

NAVSARI AGRICULTURAL UNIVERSITY
AMFU Navsari